ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,
મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,
પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.
સમક્ષ
કેસ નં. એમ.જી. IV-૧૭૧-૨૦૧૩-૧૪

અરજદાર: ઉમેશભાઇ કાંતીલાલ શાહ,
ઠે. શબરી પોળ, ખંભાત,
તા. ખંભાત, જી. આણંદ,

રજુઆત કરનાર:ગેરહાજર

વિરૂદ્ધ

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
પેટા-વિભાગીય કચેરી, ખંભાત.

રજુઆત કરનાર:શ્રી ડી.એલ.ખરબર, જુની.ઇજનેર, એમજીવીસીએલ, ખંભાત સીટી.

તા. ૧૪.૦૩.૧૪ ના રોજ મળેલ તા. ૨૮.૦૨.૧૪ ની અરજી. મીટર ટેસ્ટીંગ રીપોર્ટ નહીં મળ્યા અંગેની ફરિયાદ.

તા. ૨૧.૦૩.૧૪ ના રોજ કન્ઝયુમર ગ્રીવન્સ રીડ્રેસલ ફોરમ સમક્ષ ફરીયાદ સાંભળવામાં આવી. જેમાં ફરીયાદી ગેરહાજર રહ્યા તથા સામાવાળા શ્રી ડી.એલ.ખરબર જુની.ઇજનેર, એમજીવીસીએલ, વી.એસ. ખંભાત સીટી હાજર રહ્યા તેઓએ સાંભળ્યા.

ફરીયાદીને હાજર રહેવા માટે ફરીથી નોટીસ કાઢી તા. ૨૮.૦૩.૧૪ ના રોજ હાજર રહેવા જણાવ્યું. તા. ૨૮.૦૩.૧૪ ના રોજ ફરીયાદી વતી તેઓના પ્રતિનિધિ શેખ મો. સાજીદ હાજર રહ્યા તથા એમજીવીસીએલ તરફે વી. એસ. શ્રીવાસ્તવ, એકઝીક્યુટીવ એન્જીનીયર, ખંભાત તથા ડી. એલ. ખરવર, જુની.ઇજનેર, ખંભાત સીટી હાજર રહ્યા . બન્ને પક્ષકારોને સાંભળ્યા.

૧. ફરીયાદીનું માહે જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૩નું બિલ રૂા. ૫,૭૧૦.૬૩ પૈસા આવેલ. જે વધુ પડતું લાગતા ફરીયાદીએ મીટર તપાસ માટે અરજી કરેલ. તે અંગે રૂા. ૧૧૩/- રસીદ નં. સીએમક્યુ-૬૧૬૪૯૦ થી તા. ૦૪.૦૯.૧૩ ના રોજ કરાવેલ તથા એમજીવીસીએલની સલાહ મુજબ બીલની ૫૦% રકમ રૂા. ૨,૮૬૦/- રસીદ નં. સીએમક્યુ-૬૧૬૪૮૬ થી તા. ૦૪.૦૯.૧૩ ના રોજ નમા કરાવેલ.

૨. ફરીયાદીના જણાવ્યા મુજબ ફરીયાદીને આજદીન સુધી મીટર ટેસ્ટીંગ રીપોર્ટ મળેલ નથી. એમજીવીસીએલના પેટલાદ ખાતેથી ફરીયાદીનું વિજ કનેક્શન કાપવા માટે આવેલ; સ્થળ પર બીલની બાકી રકમ રૂા. ૨,૮૦૦/- ઉપરાંત રૂા. ૨૦૦/- ફરી જોડાણ માટેની ફી વસુલ કરેલ. પરંતુ ફરીયાદીને આજદીન સુધી મીટર ટેસ્ટીંગનો રીપોર્ટ મળેલ નથી. ફરીયાદીના મત મુજબ તેઓનું એવરેજ વપરાશ

૨૦૦ થી ૨૫૦ યુનિટ છે. જ્યારે સવાલવાળા બીલમાં વપરાશ ૭૯૦ યુનિટ છે. જેથી મીટરમાં જ ખામી હોઇ શકે. જેથી યોગ્ય કરવા માંગણી કરેલ છે.

૩. ફરીયાદી વતી તેઓના પ્રતિનિધિ શેખ મો. સાજીદ હાજર રહ્યા. તેઓએ જણાવ્યું કે, આજરોજ હાઇટેક લેબોરેટરી, વડોદરા મુકામે અમારા મીટર ને ટેસ્ટ કરવામાં આવ્યું. જેમાં મીટર બરાબર બતાવે છે. તેની સામે મને કોઇ ફરીયાદ નથી.

૪. સામાવાળા એમજીવીસીએલ તરફે શ્રી વી.એસ.શ્રીવાસ્તવ (એક્ઝીક્યુટીવ એન્જી.) તથા શ્રી ડી. એલ. ખરવર (જુની.એન્જી.) ખંભાત હાજર રહ્યા. તેઓએ જણાવ્યું કે; ફરીયાદીનું મીટર પેટલાદ લેબોરેટરી માં તા. ૦૬.૧૧.૧૩ ના રોજ ટેસ્ટ કરવામાં આવેલ. લેબ ટેસ્ટ દરમ્યાન વીજ મીટરનું સ્ટેટસ નિયમ મુજબ બરાબર છે. સદરહું લેબ રીપોર્ટ ફરીયાદીને પત્રક્રમાંક : સીબીવાય/સીટી/ટેક-૭૨૪૬ તા. ૨૫.૧૧.૧૩ થી મોકલેલ છે. આ રીપોર્ટ ફરીયાદીને મળી ગયેલ છે. તેઓએ પોતાની રજુઆતના સમર્થનમાં મારૂતીનંદન કુરીયર પ્રા. લી. ના રૂપેશભાઇએ તા. ૨૭.૧૧.૧૩ ના રોજ પત્ર આપ્યા તે બાબતનું લિસ્ટ રજુ કરેલ છે. તેમાં ફરીયાદી ઉમેશભાઇ શાહ એ પત્ર સ્વીકાર્યા બાબતની સહી કરેલ છે. આમ, ફરીયાદીને લેબ ટેસ્ટીંગ રીપોર્ટ મળી ગયેલ છે. તેઓએ વધુમાં જણાવ્યું કે ફરીયાદીના સંતોષ ખાતર આજરોજ તા. ૨૮.૦૩.૧૪ ના રોજ તેઓનું મીટર તેઓના પ્રતિનિધિ શેખ મો. સાજીદની હાજરીમાં હોઇટેક લેબોરેટરી, વડોદરા માં ફરીથી ટેસ્ટીંગ કરાવ્યું. જે બરાબર આવેલ છે. એમજીવીસીએલ તરફે તા. ૧૬.૦૬.૧૩ થી તા. ૨૦.૦૩.૧૪ સુધીનો બીલીંગ રીપોર્ટ તથા વર્ષ-૨૦૧૧ થી ૨૦૧૪ સુધીની કન્ઝયુમ કન્ઝપ્શન ડીટેઇલ રજુ કરવામાં આવેલ છે.

૫. ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા તેઓએ રજુ કરેલ દસ્તાવેજોનો અભ્યાસ કર્યો. પેટલાદ મીટર ટેસ્ટીંગ લેબમાં મીટર ટેસ્ટીંગ દરમ્યાન ફરીયાદીનું મીટર બરાબર છે. મીટર ટેસ્ટીંગ રીપોર્ટ ફરીયાદીને મળી ગયેલ છે. ફરીયાદીએ બિલ મુજબની ૫૦% રકમ રૂા. ૨,૮૬૦/- તા. ૦૪.૦૯.૧૩ થી જમા કરાવેલ. ત્યારબાદ બાકીની ૫૦% રકમ રૂા. ૨,૮૦૦/- તથા રૂા. ૨૦૦/- રી કનેક્શનના મળી કુલ્લે રૂા. ૩,૦૦૦/- તા. ૧૮.૧૦.૧૩ ના રોજ ફરીયાદી પાસેથી સ્થળ પર વસુલ મેળવેલ છે.

૬. ફોરમના મંતવ્ય મુજબ પેટલાદ લેબમાં તથા હાઇ ટેક લેબ વડોદરામાં મીટર ટેસ્ટ કરાવતાં મીટર બરાબર છે. ફરીયાદીએ બિલ મુજબની પુરેપુરી રકમ જમા કરાવેલ છે. સામાવાળાએ ફરીયાદી પાસેથી રૂા. ૨૦૦/- રી કનેક્શનના વસુલ મેળવેલ છે જે ગેરકાયદેસરના વસુલ મેળવેલ છે. ફરીયાદીને મીટર ટેસ્ટીંગ રીપોર્ટ તા. ૨૭.૧૧.૧૩ ના રોજ મળેલ છે. તે અગાઉ ફરીયાદી બાકીનું બિલ ભરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. તેમ છતાં સામાવાળાએ તા. ૧૮.૧૦.૧૩ ના રોજ ફરીયાદી પાસેથી બાકીની રકમ તથા રૂા. ૨૦૦/- રીકનેક્શનના વસુલ મેળવેલ છે. જેથી સામાવાળાએ રૂા. ૨૦૦/- રીકનેક્શનના ફરીયાદીને પરત ચુકવી આપવા જોઇએ.

## **<u>હુકમ</u>**

એમ.જી.વી.સી.એલ. ને હુકમ કરવામાં આવે છે કે; ફરીયાદી ઉમેશભાઇ પાસેથી રીકનેક્શનની વસુલ મેળવેલ રકમ રૂા. ૨૦૦/- ફરીયાદીને પરત ચુકવી આપવી. તથા ફરીયાદી શ્રી ઉમેશભાઇ શાહ ને હુકમ કરવામાં આવે છે કે, સામાવાળાએ તેઓને આપેલ જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૩ નું બિલ બરાબર છે.

| | | |
|---|---|---|
| (એમ.એમ.મરાઠે) | (હર્ષા એસ.ચૌહાણ) | (પી.જે.પટેલ) |
| (ટેકનિકલ મેમ્બર) | (ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર) | (ચેરપર્સન) |